ગાંધીનગર સમાચાર

અમેરિકાના વિદેશમંત્રી જોન કેરી ત્રણ દિવસ માટે ભારતની સત્તાવાર મુલાકાતે

નવી દિલ્હી, તા.૩૧

અમેરિકાના વિદેશમંત્રી જોન કેરી બુધવારે ભારત પહોંચી ગયા હતા કેરી ત્રણ દિવસ માટે ભારત આવેલા છે. આ દરમિયાન કેરી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે. ત્રણ દિવસીય સત્તાવાર મુલાકાતમાં વિદેશમંત્રી આજે સુષ્મા સ્વરાજ સાથે ભારત અને અમેરિકા વચ્ચેની રણનીતી પર વાટાઘાટોની સાથે અધ્યક્ષતા કરશે. સુષ્મા સાથેની કેરીની આ મુલાકાતમાં કેટલાય દ્વિપક્ષીય મુદ્દે ચર્ચા વિચારણા કરશે જેમાં ખાસ કરીને જાસુસી મુદ્દો ઉપરાંત હાફિજ સઈદની ધરપકડ પર

ચર્ચા થઈ શકે છે. આ ઉપરાંત બને દેશો વચ્ચે પરસ્પરના વ્યાપાર પર પણ ભાર મુકવામાં આવશે.

જોન કેરી સાથે અમેરિકાના વિદેશ મંત્રાલયના પ્રવકતા જેન સાકી પણ ભારત આવ્યા છે. આ બેઠકમાં અમેરિકી પ્રતિનિધિ મંડળ ઉપરાંત ભારત તરફથી બીજા અનેક મંત્રાલયોના પ્રતિનિધિઓ પણ સામેલ થશે. અમેરિકી વિદેશમંત્રીની આ પહેલી ભારત યાત્રા છે. આ બંને લોકોના સાથે આવ્યા પછી ભારત અને અમેરિકાના સંબંધોમાં વધારે મજબૂતી આવવાની સંભાવના છે. આ મુલાકાતમાં રાજયના વાણિજય પ્રધાન નિર્મલા સીતારમણ પણ ભાગ લેવાના છે.

તેમની મુલાકાતથી બંને દેશોની ઘણી આશા છે. ભારત રવાના થતા પહેલા કેરીએ કહ્યું હતું કે, ૨૧મી સદીમાં ભારત અને અમેરિકા વચ્ચે સારા સંબંધો જરુરી છે. અને તેમની પ્રથમ પ્રાથમિકતા મોદી સરકાર અને અમેરિકી સરકાર વચ્ચે સારો સંવાદ સ્થાપિત કરવાનો છે. અમેરિકી વિદેશમંત્રી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ મળશે. તેમની આ મુલાકાત દરમિયાન સપ્ટેમ્બરમાં નરેન્દ્ર મોદીની અમેરિકી મુલાકાતની તારીખો પણ નક્કી થવાની સંભાવના છે.

પૂણે ભૂસ્ખલનનો મૃત્યુઆંક ૨૮

મહારાષ્ટ્રના માલિન ગામ પર ભારે વરસાદના કારણે ઘસી પડેલી ભેખડ અને કાદવના કારણે આખે આખું ગામ જ દટાઈ ગયું હતું. ગુરુવારે અહીંથી વધુ પાંચ લાશો

બહાર કાઢવામાં આવી હતી. જેથી મૃત્યુઆંક ૨૮ પર પહોંચ્યો હતો. જો કે હજુ પણ આ ક્રિચડ હેઠળ ૧૫૦થી વધુ લોકો દટાયેલા હોવાની આશંકા છે. રાષ્ટ્રીય આપત્તિ બચાવ દળના જવાનોએ બચાવ કાર્ય હાથ ધર્યું હતું. જેમાં આઠ જવાનો ઘાયલ થયા હતા તેમને નજીકની હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી તેવું પૂણેના ડે. કલેકટર સુરેશ જાધવે જણાવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે વરસાદ અને ભારે કાદવ ક્રિચડ હોવાને લીધે બચાવ કાર્યમાં ઘણી મુશ્કેલીઓ પડી રહી છે. પરંતુ રાહત કાર્ય પૂરજોશમાં ચાલુ જ રખાયું છે. જે લોકો બચી ગયા છે તેમની સુરક્ષાને આ કાર્યમાં પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.

ઉત્તરાખંડમાં વાદળ ફાટતાં ચારના મોત

દહેરાદુન,તા. ૩૧

ઉત્તરાખંડના તહેરી જિલ્લામાં ભારે વરસાદ વચ્ચે વાદળ ફાટવાની ઘટના બનતા ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયા છે અને અન્ય મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. પ્રાથમિક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારે વરસાદ બાદ વાદળ ફાટતા છથી આઠ મકાનો તણાઈ ગયા હતા. જિલ્લા હેડક્વાટ્ર્સ ન્યુ તહેરી શહેરથી ૬૦ કિલોમીટરના અંતરે સ્થિત જિલ્લાના ઘનસાલી વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. આ પહાડી રાજય ચાર ધામની યાત્રાના કારણે વિશ્વમાં લોકપ્રિય છે. પરંતુ ભારે વરસાદના કારમે ચાર ધામની યાત્રાને પણ બંધ રાખવામાં આવી છે. બચાવ અને રાહત કામગીરીમાં સામેલ રહેલા લોકોએ દહેશત વ્યક્ત કરતા કહ્યું છે મોતનો આંકડો વધી શકે છે. ભારે વરસાદના કારણે હજારોની સંખ્યામાં ચારધામના યાત્રીઓ પણ અટવાઈ

ગયા છે. આ વર્ષે મોનસુન સિઝનની શરૂઆત થયા બાદ સતત કફોડી હાલત રહી છે. ગયા વર્ષે જુન મહિનામાં વિનાશકારી પુરના કારણે હજારો લોકોના મોત થયા હતા. ચારધામની યાત્રાએ ગયેલા હજારો લોકો માર્યા ગયા હતા. ગયા વર્ષની હોનારતને ધ્યાનમાં લઈને આ વખતે તંત્રે સાવચેતીના વધુ પગલા લીધા છે પરંતુ ખરાબ હવામાનના કારણે ભારે અડચણો આવી રહી છે. શ્રદ્ધાળુઓમાં નિરાશા જોવા મળી રહી છે. ગઈકાલે જ પુણેમાં ભારે વરસાદ વચ્ચે વિશાળ ભેંખડ ઘસી પડતા ૧૮ના મોત થઈ ગયા હતા. પુણેના બનાવના એક દિવસ બાદ ઉત્તરાખંડમાં આજે વાદળ ફાટવાની ઘટના બની હતી. ઉત્તરાખંડ સરકાર દ્વારા પરિસ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. સ્થિતિને ધ્યાનમાં લેતા શ્રદ્ધાળુઓને કોઈ જોખમ ઉઠાવવાની મંજુરી આપવામાં આવી રહી નથી.

પેટ્રોલ કિંમતમાં લીટરદીઠ ૧.૦૯નો ઘટાડો

ડીઝલે મોંઘુ : ગુજરાતમાં ૨૮ પૈસાના વેટ સાથે પેટ્રોલમાં ૧.૩૭નો ઘટાડો : ગુજરાતમાં ૧૩ પૈસાના વેટની સાથે ડીઝલમાં ૬૩ પૈસાનો વધારો : તાત્કાલિક ધોરણે ભાવ સુધારા અમલી : અમદાવાદમાં પેટ્રોલનો ભાવ ૭૬.૦૫ થયો

નવીદિલ્હી, તા. ૩૧

પેટ્રોલની કિંમતમાં આજે ફરી એકવાર લીટરદીઠ ૧.૦૯નો ઘટાડો કરવામાં આવ્યો હતો. જો કે, પેટ્રોલની કિંમતમાં ગુજરાતમાં આ ઘટાડો લીટરદીઠ ૧.૩૭ રહેશે. કારણ કે, ૨૮ પૈસાના વેટનો પણ સમાવેશ થાય છે. બીજી બાજુ ડીઝલની કિંમતમાં આજે ૫૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. આમા વેટને લાગૂ કરતા ગુજરાતમાં વધારો ૬૩ પૈસાનો થયો છે. ભાવ ફેરફારને તાત્કાલિક ધોરણે અમલી બનાવવાનો નિર્ણય કરાયો છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. પેટ્રોલની કિંમતમાં

લીટરદીઠ ૧.૦૯નો ઘટાડો કરવામાં આવ્યા બાદ અમદાવાદમાં પેટ્રોલની કિંમત હવે ઘટીને ૭૬.૦૫ થઈ ગઈ છે. આવી જ રીતે રાજકોટ, સુરત, વડોદરા અને જામનગરમાં પણ પેટ્રોલની કિંમતમાં ઘટાડો થયો છે. પેટ્રોલની કિંમતમાં સાડા ત્રણ મહિનામાં બીજી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. પેટ્રોલની કિંમત દિલ્હીમાં હવે ૭૨.૫૧ થઈ જશે જે હાલમાં ૭૩.૬૦ છે. પેટ્રોલની કિંમતમાં ઘટાડો આંતરરાષ્ટ્રીય કિંમતોને ધ્યાનમાં લઈને કરવામાં આવ્યો છે.

અમેરિકી ડોલર સામે રૂપિયો ઘટ્યો છે. એલપીજી સિલિન્ડરને લઈને હજુ પણ અટકળોનો દોર ચાલી રહ્યો છે. અલબત્ત બિનસબસિડીવાળા એલપીજી સિલિન્ડરની કિંમતમાં પણ ૨.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. પેટ્રોલની કિંમતમાં છેલ્લે ૭૦ પૈસાનો ઘટાડો ૧૬મી એપ્રિલના દિવસે કરાયો હતો.

હિંસાને ઉશ્કેરવામાં મુખ્ય ભૂમિકા હતી

સહારનપુર હિંસામાં પ્રમુખ આરોપી સહિત છ ઝડપાયા

લખનૌ,તા. ૩૧

ઉત્તરપ્રદેશના સહારનપુર વિસ્તારમાં કોમી હિંસાને ઉશ્કેરવામાં મુખ્ય ભૂમિકા અદા કરનાર મુખ્ય આરોપીની તેના છ સાગરીતોની સાથે ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આજે વિગત આપતા કહ્યું હતું કે કોમી હિંસામાં ત્રણ લોકોના મોત થયા હતા અને ૩૦થી વધારે લોકો ઘાયલ થયા હતા. મોહમ્મરમ અલીએ શિખ લોકો પર પથ્થરમારો કરવા માટે ટોળાને ઉશ્કેર્યા હતા. સાથે સાથે શહેરની હોસ્પિટલમાં હાલ જીવન મરણ વચ્ચે રહેલા કોન્સ્ટેબલ સહશસ્ત્ર પાલ પર ગોળીબાર કરવા માટે લોકોને ઉશ્કેર્યા હતા. કુતુબશેર પોલીસ સ્ટેશનના ઘેરાવમાં ફમ તેની ભૂમિકા હતી. અથડામણમાં સામેલ રહેલા અન્ય લોકોને પકડી પાડવા જુદા જુદા સ્થળે દરોડા પાડવામાં આવી રહ્યા છે. સીસીટીવી કેમેરા મારફતે તપાસ ચાલી રહી છે. દરમિયાન સંચારબંધી હજુ પણ જારી છે. જો કે તબક્કાવાર રીતે રાહત આપવામાં આવી રહી છે. જિલ્લાના કુતુબશેર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં અંબાલા રોડ ઉપર જમીનને લઈને બે સમુદાય વચ્ચે ઘણા સમયથી સંઘર્ષની સ્થિતિ હતી.

બોલાચાલી બાદ ટૂંક સમયમાં જ જોરદાર પથ્થરમારો, આગના બનાવ અને ગોળીબાર થયા હતા. અનેક ગાડી અને દુકાનોને તોફાની ટોળાએ આગ ચાંપી દીધી હતી. ફાયર બ્રિગેડની ઓફિસને પણ સળગાવી દેવામાં આવી હતી.સ્થિતીને ધ્યાનમાં લઈને જિલ્લા વહીવટીતંત્રએ સહારનપુરમાં સીઆરપીસીની કલમ ૧૪૪ લાગૂ કરી હતી કોમી હિંસાગ્રસ્ત વિસ્તારમાં સંચારબંધીના કારણે લોકોને હાલમાં ઘરમાં રહેવાની ફરજ પડી હતી. ઝડપાયેલા તમામ લોકોની પુછપરછ કરવામાં આવી રહી છ. તમામ સામે કટોર પગલા લેવાની જાહેરાત પોલીસે પહેલાથી જ કરી છે.

દલબીર સુહાગ સેનાના નવા વડા

નવી દિલ્હી,તા. ૩૧

લેફ્ટી જનરલ દલબીરસિંહ સુહાગ ભારતીય સેનાના નવા વડા તરીકે જવાબદારી સંભાળી ચુક્યા છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. દલબીરસિંહ સુહાગ ૧.૩ મિલીયનનું સંખ્યાબળ ધરાવનાર ભારતીય સેનાનું હવે નેતૃત્વ કરશે. દલબીરસિંહ સુહાગ વર્તમાન સેના વડા વિક્રમસિંહની જગ્યા લેશે. સુહાગની નિમણૂંકને લઈને શરૂઆતમાં વિવાદ થયો હતો. કારણકે, તેમના પૂર્વગામી વિકેસિંહ અને ભાજપ દ્વારા જોરદાર વિરોધની અવગણના કરીને અગાઉની યુપીએ સરકાર દ્વારા સુહાગની નિમણૂંક કરવાનો નિર્ણય કર્યો હતો. શ્રીલંકામાં વર્ષ ૧૯૮૭માં ભારતીય શાંતિ સેનાના ઓપરેશનમાં ભાગ લઈ ચુકેલા ગોરખા ઓફિસર લેફ્ટી જનરલ સુહાગ હાલમાં ભારતીય સેનાના નાયબ વડા તરીકે છે. તેમની

અવધિ સશસ્ત્રદળના ૨૬મા વડા તરીકે ૩૦ મહિનાની રહેશે. સુહાગ ગયા વર્ષે ડિસેમ્બરમાં સેનાના નાયબ વડા બન્યા હતા. અગાઉ તેઓ ૧૬મી જુન ૨૦૧૨ના દિવસે ઈસ્ટર્ન આર્મી કમાન્ડર તરીકેની જવાબદારી સ્વીકારી હતી. શિષ્ત અને તકેદારીના મામલામાં પણ તેઓ વિવાદમાં રહ્યા છે.

આસામમાં ઈન્ટેલિજન્સ ઓપરેશનના સંબંધમાં તેઓ વિવાદમાં રહ્યા હતા. મે ૨૦૧૨માં જનરલ વિક્રમસિંહે સેના વડા તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ તત્કાલિન આર્મી વડા વીકેસિંહ દ્વારા સુહાગ અને અન્ય બે કોર્પ કમાન્ડર ઉપર મુકવામાં આવેલા પ્રતિબંધને ઉઠાવી લીધો હતો. ભાજપે સુહાગની ઉતાવળમાં નિમણૂંક સામે વાંધો ઉઠાવ્યો હતો. જોકે, એનડીએ સરકારે સત્તા સંભાળી લીધા બાદ સંરક્ષણ પ્રધાન અરુણ જેટલીએ જાહેરાત કરી હતી કે, યુપીએ સરકાર દરમિયાન કરવામાં આવેલી નિમણૂંકો યથાવત રહેશે. સેનાના પૂર્વ વડા જનરલ વીકેસિંહે સુહાગની નિમણૂંક સામે વાંધો ઉઠાવ્યો હતો.

ગાઝાની તમામ સુરંગો નષ્ટ કરવા ઈઝરાયેલ ઇચ્છુક

ગાઝા,તા. ૩૧

ઈઝરાયેલી વડાપ્રધાન બેન્ઝામીન નેતાનયાહુએ કહ્યું છે કે, કોઈપણ યુદ્ધ વિરામ વગર હવે ગાઝાના બંડખોરો દ્વારા ઉપયોગ કરવામાં આવતી તમામ સુરંગોને સેના નષ્ટ કરી દેશે. ઈઝરાયેલ આ ઓપરેશન પાર પાડવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ગાઝાના બંડખોરોને નબળા પાડવા માટે સુરંગો નષ્ટ કરવી જરૂરી છે. કેબિનેટ બેઠકની શરૂઆતમાં જીવંત સંબોધનમાં ઈઝરાયેલી વડાપ્રધાને કહ્યું હતું કે, જ્યાં સુધી બળવાખોરોની સુરંગોને સંપૂર્ણપણે નષ્ટ કરવામાં આવશે નહીં ત્યાં સુધી બળવાખોરોની તાકત ઘટશે નહીં. ઈઝરાયેલના નાગરિકોની સુરક્ષા માટે આ કામ ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઈઝરાયેલે આતંકવાદીઓનો ખાત્મો બોલાવવા આઠમી જુલાઈના દિવસે ગાઝામાં ઓપરેશન હાથ ધર્યું હતું. ઓપરેશનની શરૂઆત થયા બાદથી નેતાનયાહુએ વારંવાર કહ્યું છે કે, ગાઝા પટ્ટીને લશ્કર વગરની બનાવવામાં આવે તે જરૂરી છે. હાલમાં બન્ને દેશો વચ્ચે લડાઈનો અંત આવે તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. કારણકે, બન્ને પક્ષો પોતપોતાના વલણ ઉપર મક્કમ દેખાઈ રહ્યા છે. નવેસરના હુમલામાં મોટી સંખ્યામાં બળવાખોરો અને સામાન્ય નાગરિકોના મોત થયા હોવાનું જાણવા મળ્યું છે.

કિકે ચેન્નાઈ એક્સપ્રેસનો રેકોર્ડ ટુંકાગાળામાં તોડ્યો

મુંબઈ, તા.૩૧

સલમાન અભિનીત કિક ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર નવા રેકોર્ડ સર્જી રહી છે. કિક ફિલ્મનો બિઝનેસ છઠ્ઠા દિવસે પણ રેકોર્ડ રહ્યો હતો જે દર્શાવે છે કે, સાજિદની મનોરંજન ફિલ્મ બુધવારે ૨૧ કરોડથી વધુ કમાણી કરી ગઈ હતી. કિક ફિલ્મની કમાણી હવે ૧૪૭ કરોડ સુધી પહોંચી ગઈ છે. આ ફિલ્મ મંગળવારના દિવસે ૧૦૦ કરોડ સુધી પહોંચી ગઈ હતી. કિક ફિલ્મ ૨૦૦ કરોડ સુધી કેટલા ગાળામાં પહોંચે છે તેના ઉપર હવે નજર છે. જો કે, આમિર ખાનની ફિલ્મ ધુમ-૩ ફિલ્મે ત્રણ દિવસમાં ૧૦૦ કરોડની કમાણી કરી હતી. જ્યારે કિકે પાંચ દિવસમાં આ કારોબાર કર્યો છે.

મોબાઈલ કોલ રેટમાં વધારો કરવા એરટેલનો સાફ સંકેત

નવીદિલ્હી,તા. ૩૧

ટેલિફોનની મહાકાય કંપની ભારતી એરટેલે સંકેત આપ્યો છે કે તે વોઈસ સર્વિસ મારફતે વધુ સિદ્ધિ મેળવવાના હેતુસર નવી યોજના ધરાવે છે. ભારતી એરટેલ મોબાઈલ કોલ રેટમાં વધારો કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. મોબાઈલ કોલ રેટ ઉપર તેના દ્વારા ઓફર કરવામાં આવેલા ડિસ્કાઉન્ટમાં ઘટાડો કરવામાં આવશે. ભારતી એરટેલના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ ગોપાલ વિટ્ટલે કહ્યું હતું કે, ચોક્કસ ક્ષેત્રોમાં ઉતારચઢાવની સ્થિતિ રહી શકે છે. તાજેતરના દિવસોમાં કોલ રેટને લઈને કંપનીઓ વચ્ચે ભારે ખેંચતાણની સ્થિતિ રહી છે. ૩૦મી જૂન ૨૦૧૪ના દિવસે પૂરા થયેલા વર્તમાન નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એરટેલને નેટ નફામાં ૬૦.૯ ટકાનો વધારો થતાં નેટ નફો ૧૧૦૮ કરોડ સુધી પહોંચ્યો છે. મોબાઈલ ડેટા બિઝનેસથી તેનો ગ્રોથ વધ્યો છે. વોઈસ કોલની ભૂમિકા ૭૨ ટકાની આસપાસની રહી છે. કહેવાતા ત્રિમાસિક ગાળા દરમિયાન ભારતમાં કંપનીના મોબાઈલ રેવેન્યુમાં વોઈસ કોલની ભૂમિકા વધી છે. કંપનીની કુલ મહેસુલી આવક ૧૩.૩ ટકા વધીને ૨૨૯૬૨ કરોડ થઈ ગઈ છે. જ્યારે અગાઉના ગાળામાં ૨૦૨૬૪ કરોડ હતી. એરટેલ હેડલાઈન ટેરિફ હેઠળ બે પૈસા પ્રતિ સેકન્ડનો ચાર્જ વસુલ કરે છે. એપ્રિલ-જૂન માટેના ફાઈનાન્સિયલ સ્ટેટમેન્ટમાં જણાવવામાં આવ્યું છે કે, એક મિનિટના કોલથી માત્ર ૩૮.૦૮ પૈસા મળ્યા છે. એરટેલે સંકેત આપ્યો છે કે, કંપની આફ્રિકામાં ટેલિકોમ ટાવરોમાં હિસ્સેદારી વેચશે. જો કે, આ હિલચાલને લઈને કોર્પોરેટ જગતમાં ભારે ચર્ચા છે. એરટેલ દ્વારા મોબાઈલ કોલ રેટમાં વધારો કરવાની વાત કરવામાં આવ્યા બાદ અન્ય કંપનીઓ પણ આ દિશામાં આગળ વધે તેવી શક્યતા છે.

મોદી અમેરિકા સહિતની જગ્યાએ હિન્દીમાં બોલશે

નવી દિલ્હી,તા. ૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હિન્દી ભાષાને વિશ્વના સ્તરે લોકપ્રિય બનાવવા માટે કમર કસી ચુક્યા છે. જેના કારણે આગામી દિવસોમાં મોદી તમામ વિદેશ યાત્રામાં હિન્દીમાં જ વાત કરશે. વડાપ્રધાન નરેન્દ્જ મોદી અગ્રેજીના બદલે વિશ્વના નેતાઓ સાથે હિન્દીમાં વાત કરનાર છે. સાથે સાથે સપ્ટેમ્બરના અંતે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકને સંબોધશે ત્યારે પણ હિન્દીમાં જ બોલશે. સાઉથ બ્લોકના સુત્રોએ કહ્યું છે કે નરેન્દ્ર મોદી હિન્દીમાં વાત કરવા ઈચ્છુક છે. કારણ કે મોદી માને છે કે તેઓ વિશ્વના નેતાઓ સાથે વાતચીત કરતી વેળા હિન્દી ભાષાને વધારી સારી રીતે રજૂ કરી શકે છે. વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે મોદી તેમના વિચાર હિન્દીમાં વધુ સારી રીતે રજૂ કરી શકે છે. સત્તાવાર સુત્રોએ પણ

કહ્યું છે કે ભાજપમાં પણ તમામ માને છે કે મોદીએ તેમની છાપ જાળવી રાખવી જોઈએ અને હિન્દીમાં જ વાત કરવી જોઈએ. ભારતીય વડાપ્રધાન હવે ઓગષ્ટની શરૂઆતમાં નેપાળની યાત્રા કરનાર છે. સપ્ટેમ્બરમાં મોદી અમેરિકા જનાર છે. ત્યારબાદ રશિયા અને ચીનના વડા નેતાઓ સાથે વાતચીત કરનાર છે. વર્ષના અંત પહેલા તેઓશિખર સ્તરની વાતચીત કરનાર છે. વિશ્વના નેતાઓ સાથે વાતચીત વેળા તેઓ હિન્દી ભાષામાં જ વાત કરનાર છે.

ચીનના નેતા અગ્રેજી ભાષા સારી રીતે જાણે છે.પરંતુ તેઓ વિશ્વના નેતાઓ સાથે વાતચીત દરમિયાન ચીની ભાષામાં વાત કરે છે. રશિયનના પ્રમુખ વ્લાદીમીર પુટિન જર્મન ભાષા સારી રીતે જાણે છે પરંતુ તેમની દ્વિપક્ષીય મંત્રણા દરમિયાન પુટિને જડર્મન ચાન્સલર અન્જેલા સાથે રસિયન ભાષામાં જ વાત કરી હતી. મોદી પણ હિન્દી ભાષામાં વાત કરવા ઈચ્છુક છે. નરેન્દ્ર મોદી શરૂઆતથી જ હિન્દી ભાષાને વધુ મહત્વ આપતા આયા છે. લોકસભાની ચુંટણી દરમિયાન પણ નરેન્દ્ર મોદીએ હિન્દી ભાષાને મહત્વ આપવાની વાત કરી હતી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદથી જ એવી ચર્ચા રહી હતી કે, નરેન્દ્ર મોદી ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવશે. આને લઈને થોડાક દિવસ પહેલા નવી ચર્ચા પણ જોવા મળી હતી.

સમાચાર ઝલક

- સ્વૈચ્છિક સેવા નિવૃત્તિ લેનારને પગાર પંચની ભલામણોનો લાભ નહીં મળે-હાઈકોર્ટ.
- મોટી વયમાં વોકિંગ કરવાથી મોતના ખતરાને ઘટાડે છે.
- ગુજરાતમાં બુટલેગરો બેફામ, જુનાગઢમાં પીએસઆઈ પર કાર ચઢાવી દીધી.
- અમિતાભ બચ્ચનની પત્ની સાંસદ જયા બચ્ચને સસંદની કેન્ટીનમાં ભોજન લીધા બાદ આરોગ્ય બગડયું.
- નોઈડામાં સુપર ટેક બિલ્ડરને ગ્રાહકોના પૈસા પરત કરવા સુપ્રીમનો હુકમ.
- તામિલનાડુમાં ૧૦ વર્ષ અગાઉ ૯ બાળકોનો ભોગ લેનાર અગ્નિકાંડમાં શાળાના આચાર્ય ટ્રસ્ટી સહિત ૧૦ ને સજા.
- અમેરિકન એમેઝોન કંપની દેશમાં બે અબજ ડોલરનું રોકાણ કરશે.
- કોમનવેલ્થ ગેમ્સમાં બોકસરોના ચહેરા પર પ્રથમ વખત લોહીના રેલા નીકળ્યા.
- ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવાની પ્રક્રિયા હવે અઘરી થશે.
- રવિવારે ફ્રેન્ડશીપ ડે, ચાઈના બીટસ બેલ્ટ, ડાયમંડ બેલ્ટ, ચોકલેટ બેલ્ટનું વધતું આકર્ષણ.
- સૂરતમાં વરાછા વિસ્તારમાં ૨૧ લાખની ચીલ ઝડપ.
- દુષ્કર્મના વિરોધમાં બેંગ્લોર સજ્જડ બંધ.
- મુંબઈમાં જન્માષ્ટમી દિન હાંડી ફોડ કાર્યક્રમમાં બાળકોને ભાગ લેવા સામે બાળ સંરક્ષણ પંચનો વાંધો.
- આધાર કાર્ડ, ગેસ, સબસીડી, પેન્શન, શિષ્યવૃત્તિમાં આધાર બનશે.

સંસ્કાર ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

જે જનતાએ તેઓને ઉચ્ચ સ્થાને બેસાડ્યા છે. તેને ભૂલી પોતાની વ્યક્તિગત પ્રતિષ્ઠા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિકસે, અન્ય દેશના વડાઓ, પોતાના વખાણ કરે તે માટે પોતાના રાષ્ટ્રને ખાડામાં નાખતા પણ ડરતા નથી. પરંતુ કાળનું ચક્ર તો ફરતું રહે છે. સદૈવ સમાન સ્થિતિ ટકતી નથી. વાણીના જાદુનો પ્રભાવ જલદી ભૂંસાઇ જાય છે. લોકોને પણ વાસ્તવિકતાનું ભાન થાય છે. જનતા જે ઇચ્છે છે તેનો પડઘો શાસનમાં ન પડે તે શાષક. પક્ષને પાછી જન્મ - મરણના ફેરામાં અટવાવું પડે. આ વખતની ચૂંટણીએ આ વાતની પ્રતીતિ સૌને કરાવી દીધી છે. તેમ હવે કોઇ અપવાદ નહિ હોય...

અને છેલ્લે સમાજને યોગ્ય માર્ગે વાળવાની જેની જવાબદારી છે તેવા સંતો-મહંતો પણ જ્ઞાનમાર્ગ છોડી કર્મશીલો જ થવા લાગ્યા છે. દરેક વ્યક્તિ વધારેમાં વધારે અનુયાયીઓ ઊભા કરવામાં સતત લાગ્યા કરે છે. તે વાત ભૂલી - આજે તો માત્ર મંદિરો બાંધવા. તેને સોને મઢવા - એમાં જ કૃતાર્થતા અનુભવાય છે. સંપ્રદાયો વચ્ચે વૈમનસ્ય તથા પ્રજા વચ્ચે તનાવ ઊભા થવાનું કારણ પણ આ પ્રવૃત્તિ છે. આવા સકામી ધાર્મિક ગુરૂઓના પરિણામે દેશમાં કોમ-કોમ વચ્ચે અવિશ્વાસનું વાતાવરણ જામતું રહે છે. જો સંતો સત્ય- ધર્મ જ પ્રતિપાદિત કરે તો વાતાવરણ તુરંત શાત થાય વાણી - વિલાસ કરતાં ધાર્મિક નેતાઓએ આ તત્ત્વજ્ઞાન જ સમજવું જરૂરી છે.

શ્રુતિના વચનોમાં ફેરફાર કરી શકાતો નથી. પરંતુ તેના અર્થમાં પરિવર્તન લાવી શકાય. કર્મકાંડી એટલે વિવિધ ક્ષેત્રે પથરાયેલા ભ્રમ માનવી. સકામ કર્મ એટલે લાંચ લઇ કરી અપાયેલ કર્મ. અજ્ઞાન એટલે પૂર્વગ્રહો મેં અહંમ્ તથા અવિદ્યા એટલે કામ કઢાવી લેવા માટે યોજેલી પ્રયુક્તિ અને તત્વજ્ઞાન એટલે વાસ્તવિક સત્યતા... આ રીતે જો વિચારીએ તો આજના સંદર્ભમાં આ શ્લોક સત્ય જ છે. સત્ય ન સમજનારને આવાગમન કરવું જ પડે છે. તે જેલમાંથી કે સત્તા સ્થાનથી - ગમે તે માનો.